પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૪૨ | ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૭, ગુરૂવાર ; મહા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## આજે ઉત્તરપ્રદેશમાં ચોથા તબક્કા માટે મતદાન

**૬૮૦ ઉમેદવારો મેદાનમાં : ૧૨ જિલ્લાની ૫૩ બેઠકો પર મતદાનને લઈ ભારે ઉત્સાહ : કુલ ૧.૮૪ કરોડ મતદારો તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે સંપૂર્ણપણે સજ્જ : બુંદેલખંડમાં ચૂંટણી ખૂબ જ નિર્ણાયક સાબિત થઈ શકે છે**



લખનૌ, તા. ૨૨

ઉત્તરપ્રદેશમાં આવતીકાલે ગુરૂવાર દિવસે ચોથા તબક્કાંમાં મતદાન યોજાનાર છે. મતદાનને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ચોથા તબક્કામાં ૧૨ જિલ્લાને આવરી લેતી ૫૩ સીટ પર મતદાન યોજાનાર છે. આ તબક્કાનુ મતદાન કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી માટે સૌથી મહત્વપૂર્ણ છે. ચોથા તબક્કામાં ૬૮૦ ઉમેદવારોના ભાવિનો ફેસલો કરવા માટે ૧.૮૪ કરોડ મતદારો ભારે ઉત્સુક દેખાઇ રહ્યા છે. કોઇ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચૂંટણી પંચ દ્વારા તમામ પગલા લેવામં આનવ્યા છે. હજુ સુધીના ત્રેણય તબક્કામાં ઉંચુ મતદાન થયા બાદ રાજકીય પક્ષો અને ચૂંટણી પંચની ખુશી વધી ગઇ છે. ચોથા તબક્કામા આવતીકાલે ૧૨ જિલ્લાઓમાં મતદાન યોજનાર છે જેમાં પ્રતાપગઢ, કોસંબી, અલ્હાબાદ, જાલોલ, ઝાંસી, લલિતપુર, મહોબા, બાંદા, હમીરપુર, ચિત્રકુટ અને ફતેહપુરનો સમાવેશ થાય છે. બુંદેલખંડ પ્રદેશમાં ચોથા તબક્કામાં મતદાનને લઈને જોરદાર ઉત્સાહ છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના રાયબરેલી લોકસભા મતવિસ્તારમાં આવેલી બેઠકોમાં પણ આ તબક્કામાં

● અનુસંધાન પાન-૭ પર

## આજે બીએમસી ચૂંટણીનું પરિણામ


**પરિણામને લઇ તમામમાં ઉત્સુકતા : મુંબઇ અને અન્ય ૯ નગરનિગમોમાં રેકોર્ડ મતદાન થયુ છે : પિંપડી-ચિંચવાડ ખાતે સૌથી વધારે ૬૭ ટકા મતદાન**

મુંબઇ,તા. ૨૨

અતિ મહત્વપૂર્ણ ગણાતા બીએમસી સહિત મહારાષ્ટ્રના ૧૦ નગર નિગમોમાં ઉંચુ મતદાન થયા બાદ હવે પરિણામ પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. મરાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મોડી રાત્રે ચૂંટણીમાં મતદાનના આંકડા જારી કર્યા હતા. જે મુજબ થાણેમાં ૫૮ ટકા, ઉલ્હાસનગરમાં ૪૮ ટકા પુણેમાં ૫૪ ટકા, પિંપડી-ચિંચવાડમાં ૬૭ ટકા, સોલાપુરમાં ૬૦ ટકા, નાસિકમાં ૬૦ ટકા જેટલુ ઉંચુ મતદાન થયુ હતુ. હવે આવતીકાલે પરિણામ જાહેર કરવામાં આવનાર છે. ખાસ કરીન ભાજપ અને શિવસેનાની પ્રતિષ્ઠા દાવ પર લાગેલી છે. મતદાનના અંતે મુંબઈના ૯૨ લાખ મતદારો પૈકી ૫૨ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૧૨ લાખ મતદારોના નામ લાપત્તા દેખાયા હતા. છેલ્લી બે ચૂંટણીમાં ખૂબ ઓછુ મતદાન રહ્યું છે. ૨૦૦૭ની મ્યુનિસિપલ ચૂંટણીમાં માત્ર ૪૨ ટકા મતદાન થયું હતું. જ્યારે ૨૦૧૨માં ૪૪ ટકા મતદાન રહ્યું હતું. છેલ્લી બે વખતની ચૂંટણીની સરખામણીમાં આ વખતે મતદાન વધારે થયું છે. ૨૦૧૨ સુધી મરાઠી વોટબેંકે ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી પરંતુ આ ચૂંટણીમાં બિનમરાઠી મતદારોની ટકાવારી મરાઠી મતદારો કરતા વધુ છે. મતદાન શરૂ થતાની સાથે જ ૨૨૭ વોર્ડમાં ૨૭૫ જેટલા ઉમેદવારોના ભાવિ સીલ થઈ ગયા હતા. મુંબઈ, થાણે, ઉલ્હાસનગર, નાસિક, પુણે, પિંપરી, સોલાપુર, અમરાવતી, અકોલા, નાગપુરમાં મતદાન થયું હતુ. શિવસેના અને ભાજપ વચ્ચે છેલ્લા ૨૫ વર્ષથી સંબંધો રહેલા છે પરંતુ સમયની સાથે સાથે બંને વચ્ચેના સંબંધોમાં

## અમેરિકામાં રહેતા ૧.૧ કરોડ પ્રવાસી પર હકાલપટ્ટીનું સંકટ

**ભારતીય અમેરિકી સમુદાયના ત્રણ લાખ લોકોને અસર થશે : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લાલા આંખ કરીને દસ્તાવેજો વગર રહેતા લોકો સામે પગલાઓ લેવાની સૂચના આપી : નવી ગાઈડલાઈન જારી કરાઈ**



નવી દિલ્હી,તા. ૨૨

અમેરિકામાં પ્રવાસીઓ પર ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રની લાલ આંખના પરિણામ સ્વરૂપે ભારતીય અમેરિકી સમુદાયના આશરે ત્રણ લાખ લોકોને સીધી અસર થઈ શકે છે. પ્રવાસીઓ પર ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા વધુ કઠોર નિયંત્રણો લાદવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે કોઈપણ કાયદેસરના દસ્તાવેજો વગર અમેરિકામાં રહેતા આશરે ૧.૧ કરોડ પ્રવાસીઓ પર ખતરો તોળાઈ રહ્યો છે. આ તમામ પ્રવાસીઓ પર ત્યાંથી હકાલપટ્ટીનો ખતરો તોળાઈ રહ્યો છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગેરકાયદે રીતે રહેતા લાખો પ્રવાસીઓને અમેરિકામાંથી હાંકી કાઢવા માટે નવી માર્ગદર્શિકા જારી કરી ચુક્યા છે. જેના પરિણામ સ્વરૂપે પ્રવાસીઓ માટે ગેરકાયદે રીતે અમેરિકામાં રહેવાની બાબત મુશ્કેલરૂપ બની જશે.

● અનુસંધાન પાન-૭ પર

## ૭૦ વર્ષથી વધુ વયના ખાતેદરોના પાંચ લાખમાં વેરિફિકેશન નહી

**ઈન્કમટેક્સ વિભાગ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી : અન્ય લોકો માટે મર્યાદા કુલ ૨.૫ લાખ રૂપિયા રાખવામાં આવી**

નવી દિલ્હી,તા. ૨૨

આવકવેરા વિભાગે સામાન્ય લોકોમાં ફેલાઈ રહેલી દહેશતને દુર કરવાના પ્રયાસ કર્યા છે. આવકવેરા વિભાગે ૭૦ વર્ષથી વધુ વયના લોકો દ્વારા નોટબંધી બાદ તેમના ખાતામાં પાંચ લાખ રૂપિયા સુધીની જમા પર કોઈ વેરિફિકેશન કરવામાં આવશે નહીં તેવી સ્પષ્ટતા કરી છે.

અલબત્ત અન્ય લોકો માટે આ મર્યાદા ૨.૫ લાખ રૂપિયા રાખવામાં આવી છે. નાણા મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ આ અંગેની માહિતી આજે આપી હતી. અધિકારીએ કહ્યું છે કે ભયભિત થવાની કોઈ જરૂર નથી.

## ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી પ્રથમ ટેસ્ટ મેચ

પૂણે,તા. ૨૨

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ચાર ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ આવતીકાલથી પૂણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન મેદાન ખાતે શરૂ થઈ રહી છે. સવારે ૯.૩૦ વાગ્યાથી આ ટેસ્ટ મેચનું જીવંત પ્રસારણ શરૂ થશે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમની ઓસ્ટ્રેલિયા સામે આકરી કસોટી થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ સ્ટીવ સ્મીથના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયાની પણ આ શ્રેણીમાં કસોટી થનાર છે.

## રૂપિયા ૧૦૦૦ની નોટ જારી કરવાની કોઇ જ યોજના નથી

નવી દિલ્હી,તા. ૨૨

નોટબંધીના નિર્ણય બાદ ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નોટ જારી કરવામાં આવ્યા પછી હવે એક હજારની નોટ જારી કરવામાં આવનાર છે તેવા હેવાલને સરકારે રદિયો આપ્યો છે. આજે આર્થિક બાબતોના સચિવ શક્તિકાંત દાસે ટ્વીટ કરીને કહ્યુ છે કે સરકારની યોજના હાલમાં રૂપિયા ૫૦૦ની નોટના સપ્લાય અને પ્રોડક્શન પર કેન્દ્રિત છે. સમગ્ર ધ્યાન ૫૦૦ અને તેના કરતા નાના દરના નોટ પર ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત નોટબંધીના આટલા દિવસ બાદ પણ એટીએમમાં રોકડની કટોકટીને લઈને વાત કરતા

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### અમેઠી રાણીઓની રણભૂમિ




અમેઠીના રાજા સંજયસિંહની બંને રાણીઓ ચૂંટણીજંગમાં આમને સામને આવી ગયા છે. મોટી રાણી ગિરિમાસિંહ ભાજપના ઉમેદવાર તરીકે જ્યારે નાની રાણી અમીતાસિંહ કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. બંનેની આગવી શૈલી છે.

### એટીએમમાંથી ચીલ્ડ્રન બેંકની નકલી નોટો નીકળી



દિલ્હીના એસબીઆઈના એટીએમમાંથી બે હજાર રૂપિયાની નકલી નોટ નીકળી છે. જેમાં રીઝર્વ બેંકના સ્થાને ચિલ્ડ્રન બેંક લખ્યુ છે. પોલીસે આ ફરિયાદને સમર્થન આપ્યુ છે.

### સુરત દેશનુ સૌથી વિકસતુ શહેર



ગુજરાતનુ સુરત ફરી એકવાર વેલ્થ ગ્રોથ સિટીમાં પ્રથમ નંબરે છે, જ્યારે વડોદરા અને અમદાવાદ બીજા અને ત્રીજા નંબરે છે એમ ન્યુ વર્લ્ડ વેલ્થ રીપોર્ટમાં જણાવાયું છે.

### ગુજરાતમાં બે કરોડ વાહનો નોંધાયા

ગુજરાતના વાહન વ્યવહાર વિભાગના આંકડા પ્રમાણે રાજ્યમાં ૨,૩,૬૧,૨૯૬ વાહનો નોંધાયાછે જે પૈકી ૧.૪૯ કરોડ વાહનો દ્વિચક્રી છે.


### ધોની ૧૩ વર્ષ બાદ ટ્રેનમાં બેસી મેચ રમવા પહોંચ્યો

વિજય હજારે ટૂર્નામેન્ટમાં કપ્તાની કરતાં મહેન્દ્રસિંહ ધોની ૧૩



વર્ષ બાદ ટ્રેનમાં બેસી કોલકત્તા પહોંચ્યા હતા. કલકત્તા સુધીની ટ્રેનની મુસાફરીમાં આખી ટીમ જોડાઈ હતી.

### નચ બલીયે-૮ના જજ બનવાનો અક્ષય-ટ્વીંકલનો ઈન્કાર



નચબલીયેની આઠમી સીઝનમાં બોલીવુડના જાણીતા કપલ અક્ષય-ટ્વીંકલને જજ બનવા ઓફર કરાઈ હતી. જેનો વ્યસ્તતાના નામે બંનેએ ઈન્કાર કર્યો છે.

### એચ-૧-બી વીઝા પર પ્રતિબંધથી મોદી ચિંતિત

અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા એમ-૧-બી વીઝામાં કપાત મુકાતા મોદીએ ચિંતા વ્યક્ત કરી છે.







